गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक १४३७ वर्गांक

पुस्तकनुं नाम કરણ ઘેલો

विषय ग - : २ · ४

ગુજરાતનો છેલ્લો રજ

કરણઘેલો

નાટકનો ટુંક સાર.

1

ગુજરાતની ગાદીપર વાઘેલા વંશમાં છેલ્લો રાજા કરણ થયો.

નજીવી દેખાતી વાતમાંથી કેવાં મોટાં પરિણામ આવે છે દશેરાની સવારીથી પાછા ફરતાં કરણ પોતાની અતિ વ્હાલી રૂપવતી કૌળા રાણીને બદલે રાણી ફુલાંદેને મહેલે પહેલો ગયો કૌળાથી એ પ્રેમભંગ ન ખમાયો. રાજા રાણી વચ્ચે વૈરભાવ થયો. વીનવવા છતાં રાણી તિરસ્કાર કરી ચાલી ગઇ એથી અંતરગું આઘાત થયો. આઘાત સાથે કૌળા મનમાંથી ઉતરી ગઇ તેની જગા ખાલી પડી.

કરણને મહેલ શુન્ય લાગતાં સ્મસાનમાં ગયો. ભવિષ્ય પૂછતાં વંત્રીઓએ પરસ્ત્રીપર કુદ્રષ્ટી ન કરવા ઉપદેશ આપ્યો. શુન્ય હ્રદયે, ઊંઘ ભરી આંખે, થાકેલો કરણ સવારે એક શિવમંદિરમાં આવ્યો. કરણના પ્રધાન માધવની સ્ત્રી રૂપસુંદરી શિવપૂજન કરવા આવેલી તે તેની નજરે ચડી. અને ઘેરાતી આંખમાંથી ખાલી પડેલા હ્રદયના સિંહાસનપર જઇ બેઠી કુમતિનો પવન વાતાં વિવેકનો દીવો બુઝાયો. માધવને કોઇ બ્હાને બહાર ગામ મોકલ્યો તેના ભાઈ કેશવને મારી કરણે રૂપસુંદરીનું હરણ કર્યું. કેશવની સ્ત્રી ગુણી ગુણસુંદરી પતિ પાછળ સતી થઇ.

આ નાટકનું વસ્તુ એક મુખ્ય કથા અને એક બે ઉપકથાથી બન્યુ છે. ઉપકથામાં એક તો માધવના મિત્ર મોતીશાના સંસારનું ચિત્ર છે. મોતીશાની સ્ત્રી ચંચળમા છોકરવાદી હોઇ તે પોતાની સાસુને બહુ પજવે છે. ભલી સાસુ ઘરની આબરૂ સાચવવા, ઘરમાં ક્લેશ ન [illegible] દેવા, વહુની પજવણી દીકરાને પણ ન જાણ-

સહન કરે છે. પણ આખર મોતીશા જાણે છે,
મારથી નથી સુખ-તો; તેના મનપર છાપ પડે
ા જોઇએ; મોતીશા એવોજ રસ્તો લે છે.

અંક ૨ જો.

ની પાયમાલી થઇ ગઇ, એ જોઇ મોતીશા પોતાની
ન થાય, એવો જાતે ખાનગી બંદોબસ્ત કરી
પાસે જાય છે, માધવ તેની આગળ બળે છે,
ેક રીતે માજી અંબાને શરણે જાય છે, અને ત્યાંથી સુચના
ાં દિલ્હીનો રસ્તો લે છે.

દિલ્હીના બાદશાહ અલ્લાઉદીન ખીલજીનો દીકરો ખીજરખાં શિકારે નિકળેલો, એકલો થાકેલો, જંગલમાં જતા આવે છે એ ઝેરી નાગ તેની છાતીપર આવી બેસે છે માધવ તેને મારી શાહજાદાને બચાવે છે, અને બદલામાં બાદશાહ તેની વાત જાણી લઇ સરદાર અલેફખાનની સરદારી નીચે એક મોટું લશ્કર ગુજરાત જીતવા મોકલે છે.

માધવ આમ ફતેહ મેળવે છે એ અરસામાં મોતીશા પોતાનું બુદ્ધીબળ બીજી બાજુ અજમાવે છે મોતીશાને ફસાવવાને ચાર ઉઠાવગીરો અને એક સ્ત્રી તેની પછાડી પડેલાં. મોતીશા ચેની જાય છે ભોળો બની, સર્વને ધુતી, તેમની માલમતા પચાવી પાડી તેમને રડતે મોંએ પાછાં કહાડે છે

મુસલમાન લશ્કર ચાલવા તૈયાર થયું પણ કંઇ બધા સરખા ઉત્સાહી ન હોય એક સીપાઇ કડુ મીયાં ન જવા લુચ્ચાઇ કરે છે. પણ આખર બિચારાને જવુંજ પડે છે લશ્કર કુચ મુકામ કરતું ગુજરાતની સરહદપર આવે છે. પણ માધવે પોતાના પક્ષમાં બોલાવેલા ગુજરાતના કોઇ સરદારો તેમને નથી આવી મળતા વળી માધવને પણ પોતે પોતાની જન્મ ભુમીપર આફત લાવે છે એમ લાગવા માંડેલું, તેથી તેની વર્તણુંકમાં કાંઇ ફેર પડેલો. આવાં કારણોને લીધે અલેફખાનને એની ચાલ માટે શક આવે છે અને તેને કેદ કરવા ધારે છે; પણ શાહજાદો ખીજરખાં તેને તેમ કરતે અટકાવે છે.

રૂપસુંદરી મહેલમાં આવી પણ વશ ન થઇ. વારંવાર નજરે પડવાથી એનો મોહ પણ કમી થયો. અને છેવટ કરણ તેને ભુલી ગયો. ફરી કૌળાપર એની જરા પ્રીતી થઇ, પણ એટલામાં તો લડાઇનો દેવ જાગ્યો, શૂરો કરણ બીજી સર્વ વાત છોડી લડવા સજ્જ થઇ ગયો લડાઇમાં દગો થયો દગાથી રજપુતો હાર્યા લડત્તાં કરણ મરાયો એવા સમાચાર રાજ મહેલમાં પહોંચતાં સર્વ રાણીઓ બળી મરવા તૈયાર થઇ. મહેલ સળગાવતાં પહેલાં કૌળાએ પોતાની બે પુત્રી કનકદેવી અને દેવળદેવીને પોતાને પીએર મોકલી દીધી. મહેલ સળગાવતાં રૂપસુંદરી બહાર નીકળી. સામેજ માધવ મળ્યો. આજે માધવ-રૂપસુંદરી કૃત કૃત થયાં.

અંક ૩ જો.

કૌળા દુશ્મનના હાથમાં ન સપડાવા પુરૂષ વેષે નાઠી, ગામમાં અલેફખાંનાં માણસો પડ્યાં, એક સ્થળે ભીલોના હાથમાંથી તથાં મુસલમાનોના હાથમાં સપડાઇ ગઇ, એને દિલ્હી લઇ ગયા. કૌળા રાણી સુલતાના બની.

કરણ મુઓ નહોતો પણ ઘાયલ થયો હતો, એને દક્ષિણમાં બાગલાણમાં લઈ જવામાં આવ્યો. કનક-દેવળીને પણ તેમના મામાના ઘરને બદલે બાપ પાસે લઈ જવામાં આવી, અહીં કનક દેવી રોગથી મરણ પામી. એકલી પડેલા દેવળીનો પ્રેમ બાગલાણના અધીપતિ, દક્ષિણના રાજા, રામદેવના પુત્ર સાથે બંધાય છે, પુત્ર શંકલદેવ એપરથી દેવળનું માગું કરવા પોતાના ભાટને કરણ પાસે મોકલે છે, એક બાજુ સંકલદેવ મળે છે, બીજી ગમ રજપૂત કુળાભિમાની, ભાટનો તિરસ્કાર કરી પાછો વાળે છે, પણ થોડા દિવસમાં એથી સબળ માગણી આવે છે સુલતાના કૌળાને પુત્રી વિના ગમતું નહોતું. પુત્રીને લેવા અલેફખાન લશ્કર લઈ બાગલાણ આવ્યો. ઘણા દિવસ લડ્યા પછી નિરાશ થતાં, દેવળ મુંસલમાનના હાથમાં જાય તે કરતાં શંકલદેવને પરણે એ સારૂં એમ ધારી, કરણ રામદેવની માગણી કબુલ કરે છે, રજપૂત અને મરાઠા લશ્કર મળી એક રાત્રે દુશ્મનની છાવણી ભેદી દેવળને દેવાગીરી તરફ લઈ જાય છે, અલેફ પાછળ પડે છે. મોતીશાના પત્રથી સસરાં ભભુત

ચોળી દીકરીને ઘેર આવે છે પત્રની હકીકત ખોટી જણાતાં મોતી-શાપર બધાં ગુસ્સે થાય છે. પણ આખર પોતાની દીકરીના વાંકને લીધેજ તેના ધણીને આ પગલાં લેવાં પડયાં એમ જણાતાં દિકરીનો તિરસ્કાર કરે છે. અને ચંચળની મા તેને પોતાની સાસુની સર્વના દેખતાં પૂજા કરવાની ફરજ પાડે છે. ચંચળને ભૂલ સમજાય છે. સ્ત્રીના ખરા ધર્મ શું છે એ જાણે છે. આજે મોતીશાનો સંસાર સુધરે છે.

પણ હજી એક કસોટીમાંથી એને પાર ઉતરવાનું રહે છે. અલેફખાંન આખરે માધવનાં ઘરબાર લૂટી લઇ તેને ત્રણ દિવસમાં ગુજરાતની સરહદ છોડી જવાની ફરજ પાડનારો હુકમ બાગલાણથીજ મોકલે છે. માધવ પોતાની જન્મ ભુમીની વેરના ઝનુનમાં પોતે દુર્દશા કરી તે માટે બહુ પસ્તાય છે. કોઇ એને મદદ નથી કરતું મોતીશા આ વેળા પણ મિત્રધર્મ બજાવે છે. પોતાનાં ઘરબાર વેચી રોકડ નાણું કરી લઇ, માધવ પોતે પણ સહકુટુંબ ગુજરાત સદાને માટે છોડે છે.

એક પછી એક ઘાથી કરણનું મન વિહ્વળ થઇ ગયું છે. પાછળ પડેલા મુસલમાન લશ્કરને લીધે દેવગિરી નથી પહોંચી શકાતું અને ન્હાસતાં ન્હાસતાં કરણ–દેવળ બેજ એકલાં રહી–ગયેલાં ગૂજરાતમાં આવે છે. પાછળ પડેલા મુસલમાનો તેમને પકડી પાડે છે, એકલો કરણ ઘણા દુશ્મનો સાથે લડે છે પણ આખર પડે છે. દેવળદેવીને મુસલમાનો દિલ્લી લઇ જાય છે.

કરણ પડયો એ સાથે ગુજગત પડી, ચગદાઇ પાયમાલ થઇ ગઇ. ધીમે ધીમે તેનું સર્વ સત્વ ચૂસાઇ ગયું. ક્યારે સોનાની ગુજરાત ફરી પોતાનો કીર્તિધ્વજ ફરકાવશે ?.....ઇશ્વર જાણે.

ગુજરાતનો છેલ્લો રજપૂત રાજા

કરણઘેલો.

અંક ૧ લો.

૧

સુત્રધાર—જય જય સામ્બ !
ધરણ શશી શીશ શૂલ પાણી ત્રિનયન ગવરી વરા; જય,
પ્રબળ ગતિ મતિ વિમળ વિભૂ ! દે
ઉદય આર્ય કરવા જય.

૨

નટી—વિદ્વજ્જન મંડળ આહીં પધારી આજે,
પાવન પ્રીય કીધું રંક ભુવન શા કાજે ?
આનંદ તણાં કિરણો મુખ પર શાં છાયાં,
અધીરાઇ ભર્યા નયનો શાં આકર્ષાયાં;
દીસો આપ નાથ પણ મહેનત માં કંઇ ભારી,
સમજાવો સ્વામી શાની છે તૈયારી.

૩

સુત્રધાર—ગુજરાત પતિ કર્ણ શૂરો,
ગુણે કર્ણ કુંતા સૂત પૂરો;
પડયો પરની પ્રિયા પ્રેમ પાસે,
ફસાવ્યાં સ્ત્રી સુતા મ્લેચ્છ ફાંસે
ધરા ધામ નષ્ટ સહુ કીધાં,
બીયાં દુઃખના વાવી દીધાં,
મુવો અંતમાં એહ અકાળે,
બુદ્ધિ વિપરિત વિનાશ કાળે.

૪

સુત્રધાર—ભાવી મિથ્યા થાયના કદી તમે કોટી ઉપાયો કરો,
બનવાનું બની જાય છે શીદ પછી ભ્રાન્તિ મહીં મન ધરો;
જાણ્યું ના રઘુનાથ પ્રાત સમયે જાવું થશે વન વિષે,
ધાતાના જે લેખ તે અકળ છે કોથી ન મીથ્યા થશે.

ભાગ્યદેવી—ભાગ્યદેવીને દોષકાં આપો સમજી મન,
કરણીનું ફળ પામશે નિશ્ચેસર્વે જન;
અંધ બની કુવે જઇ પડતાં ભાગ્યદેવીપર દોષ ધરો
નથી સુચવતી ભાગ્યદેવીકે ચિત્ત તમારૂં પાપે ભરો;
પાપ પુન્ય એ સમજી જાતે કેમ કુડાં આચરણ કરો,
કરણી પાર ઉતારણી માટે સમજી સુમારગ આચરો

વારાંગના– આવો સખી આવો માને મોતીડે વધાવો
મોતીડે વધાવો માન ફુલડે વધાવો
કલ્પતરૂ જશ વતી જગ જનની
મનવાંછીત જય વિજય અપાવો **મોતીડે.**
અલ્પ ગતિ પહાડ ઇચ્છું ઉલંઘવા

ભાગ્યદેવી—જય જય વિજય વિજય જય થાઓ **મોતીડે.**

કોળ.— ૭

પ્રતાપી પીયુને આજ બાંધું પ્રેમ પાશમાં
રાખું પ્રેમ પાશમા અંતરના આવાસમાં
એના મહાન હૃદયમાં છાપું,
અચળ મુર્તિ મારી થાપું,
રીઝાવી રમાડા મીઠી વાણીના વિલાસમા
નવીન નવીન રંગ નવીન નવીન રૂપે,
નાનકડા રતિપતિને રમાડું રાસમાં **પ્રતાપી૦**

કનકદેવી, દેવળદેવી – ૮

ચડી આસવારી જ્યારે સીધારી આપની ભારી શોભાનો નહીં પાર
શરણાં ત્રાસાંને ઢોલ નગારાં વાજીંત્ર વાગ્યાં અપાર
ઉંચી અટારીં ઉઘડી બારી સ્નેહ અતા ધારી જોવા ઉભા નરનાર
હાથી ઘોડા પ્યાદા લશકર સઘળું સજી બહુ શણગાર
સઉ સરદારી કે ધરદારો ને દરબારી હતાસંગે શાહુકાર
કુમકુમ અક્ષત પુષ્પ વૃષ્ટી કરી બોલ્યાં જય જયકાર
એવી અમારી ખાતરદારી થઇ માત પ્યારી ધન્ય થયો અવતાર—**ચડી.**

કરણ—　　　　　　　　૯

ચાહેતું ધિક્કાર માર પ્યારમાં બોલાવીને
પ્યારમાં બોલાવી પ્રાણ સુખમાં ડોલાવીને;　　　　ચાહે.
ચુક પડી ક્ષમા કર કાળા હવે,
શાન્તિનું પમાડ વિરહ અગ્નિને બોલાવાને;　　　　ચાહે.
તારા સમાન નથી વ્હાલો બીજી મને,
માન મૂક માનીતી મન મેદને ખોલાવીને;　　　　ચાહે.

જસો—　　　　　　　　૧૦

એક ગાલુ હું એને તો ચાર લગાવે પેલી
ગુલ્લાલા ગુલ્લાલા
હું ઉપાડું હાથ,
હું ઉપાડું હાથ, મોજડી કાઢે વ્હેલી વ્હેલી;
બોલબાલા બોલબાલા.
ઝાલી ચોટલે હું પટકાવું ધમ દઇ ધરતી માથે
ગુલ્લાલા ગલ્લાલા
ટાંગો ઝાલી પટ ફગોળે, ફેરવીને બે હાથે,
બોલબાલા, બોલબાલા.
નમું જરા હું પગે પડેએ લાત વારતો મારે,
ગુલ્લાલા ગુલ્લાલા
લટપટ ગટપટ થઇ જઇ રમીએ પ્રીતમ પ્યારી પ્યારે
બોલબાલા, બોલબાલા.

ભુતડીઓ—　　　　　　　　૧૧

બસ આવો આનો સ્મશાન જગાવો,
લ્યો ભોગ તમ જોગ તૈયાર થઇ જાઓ,
ખાઇએ બસ બસ માંસ ચાન્યું,
ચરબીથી બસ રસ બસ ઝાઝું
પીએ બસ લોહી તાજું તાજું; ચમન ઉડાવો—બસ.
પહેરો ખોપરીના હાર સજોને આંતરડે શણગાર.
બની કાળથી વિકાળ વદો સહુ વઇતાળનો જય
આઓ બસ.

૧૨

કરણ—

જા જા ટળ નીકળ ખળતું
અભિમાન આમ ઉતારૂં હું તારૂં,
પલકમાં હરૂં પ્રાણ માનતું; જા જા
કરણ છું ગુર્જર પતિ વાઘેલ વંશનો રાજવી,
જા જા જા જા જા જા
રાખ નાદાન ભાન જા જા

૧૩

ભૂતડીઓ—

આનંદ આનંદ નાચો ગાઓ ઘુઘરા ધમકાવો તમામ.
રૂમઝુમ રીમઝીમ છીમ છીમ છીક ગાને ગજાવો સ્મશાન;
આનંદ.

શ્રાદ્ધ સરાવશે પતિ ગતિ સખિ થાશે પલકમાં આમ, એ૦
ભલે મળ્યો ભલા ભૂપ થજો તારૂં કોટી કોટી કલ્યાણ. આ૦

૧૪

રૂપસુંદરી } શીવજીને સ્નેહે સ્મરવા સાહેલડી સર્વે ચાલો,
સખીઓ } કુમ કુમ કેસર અત્તર અબીલ ગુલાબ ગુલાલે વધાવો
સાહેલડી

કંચન કળશ જળે ભરીરે ભાવે ભોળાને ભીંજાવો, સાહેલડી
મોક્ષનો માર્ગ મહંતો એ માને ગૌરી પતિ ગુણ ગાઓ
સાહેલડી

૧૫

૧ લી છોકરી—તજ રૂસણાં રસિકડી પ્યારી,
૨ જી—હવે રાખો લબાડી લવારો

*   *   *
*   *   *

જાણી જાણી ચાતુરી તમારી
૧ લી—માન મુકો અલબેલી મારી

*   *   *
*   *   *

બધી—તારી રંગત ઉપર વારી,
કાકી—કેડ મુકો બાઇ ગઇ હારી.

ઝ૪૩૭

ઐસખી— ૧૬

આંખલડી અણીઆળીરે, જરા નચાવ નખરાંવાળી
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા,
ભમર કમાન જરા ખેંચી ખુણેથી, ક્રોધ કટાક્ષ કર આલીરે,
જરા નચાવ નખરાંવાળી,
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા.
લટક મટક અને ચટકતી ચાલ આમ, ઝાંઝરથી ઝમકાળીરે,
જરા નચાવ નખરાંવાળી,
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા.
લ્યો લટકો મટકો ચટકો આ, આલી સતાવો શું ઠાલી રે
જુઓ નાચે આ નખરાં વાળી.
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા.

૧૭

રૂપસુંદરી સખીઓ | હર, હર, હર, મહાદેવ;
પાપ વિદારક. ભવજળ તારક, ભય હારક ભોળા
તુજ સેવ—હર હર. !
જે ત્રીશુળે ત્રિપુરાસુર માર્યો ભસ્માસુરને ભોંમાં ભાર્યો
સ્વામીના શત્રુને હણવા, સજ્જ શીવજી તતખેવ.—હર૦

૧૮

વાહ વાહરે ભોલી ભાલી અલબેલી રે વાહ,
જારે જારે ઢોંગીલી ઢોંગ કરતી,
ધુતારી છો ઘેલી તું જા. વાહ૦
જાણ્યું ના બાઇ આવડી તું શાછેકે છલકાય,
આમ લટકે કરી, આમ મટકે કરી, નેન નખરે કરી
આ નૃત્તરે કરી, વાલમ વશ કરી, વાહવા શીમજાહ. વાહ૦

કરણુ— ૧૯

અહો ક્યારે પદ્મિનિ કહે પ્રાણાધાર,
લટકેથી આવે મન મટકે મનાવે;
ચીત્ત ચટકે ચળાવે નેણુ નખરે નચાવે,
કોમળ કળીખીલી જોબન રસ રંગ ઝીલી,
મદમાતી રંગીલી હું માણુનાર અહો૦

દેવળ-કનક— ૨૦

અરે ના નજાઓ, બાપુજી ન જાઓ;
મુજ રંક માની દયા કંઇ લાવો;
બાપુજી ન જાઓ બાપુજી ન જાઓ ; અરે નાન.
કૌળા—અરેરે મનાઓ મોહનજી ! મનાઓ
જાણી કીંકરીને કોપને સમાવો ;
મોહનજી મનાઓ, અરે નાન.
કરણ—શું સતાવો ? ખાલી શું સતાવો ?
શીદ અંતરમાં આગ ભડકાવો
ખાલી શું સતાવો ? અરે નાન.

કૌળા— ૨૧

તજો પ્યારારે સ્વામી મારારે,
કૂડી પ્રીત તણી રીત ;
નહિ ફળ ફળે મીઠું એમાંથી ખચીત;—તજો.
સોમલ સ્વાદે મધુરો ન મોહો,
વાસગ થાશે વિપરિત;—નહિ ફળ— તજો.
પરનારનો પ્યાર જ્વાળ અંગાર,
ન પડો બની અંધ ભીત ;—નહીં ફળ—તજો.

રૂપસુંદરી— ૨૨

જાગો જાગો જીવન મારા સઘ થઇ સવાર.
છુટ્યો મંદ મીઠો વાયુ સુખદ અપાર; જાગો.
શશી તો સંતાઇ ગયો, આદિત્ય ઉદય થયો.
પૂર્વનો પ્રકાશ પેખો, કાપે અંધકાર; જાગો.
દેવ દરબાર જાગ્યા, વાજીંત્રો મધુર વાગ્યાં,
સુચેવે છે સ્વામી ! સમય દેવનાં દેદાર; જાગો.

માધવ— ૨૩

ન કર તું શોક પ્રાણુ રે,
પ્રભુની ગતિ અગાધ, પામીએ ન તેનો તાગ,
ન બન નાદાન રે ; ન કર૦.
જેને રાખશે શ્રીરામ સમર્થ કોન લેવા મામ ;
માન સુજાણુરે ; ન

માધવ— ૨૪

રજા તુ દે પ્યારી હો ચતુર (હુ જાણુ) આ શુ કરે ;

રૂપસુંદરી— * * *

જળવીણુ માછલી તલપે

કેશવ— * * *

માધવ— * * *

ચાલે નહીં ગયા વીણ પ્રાણુ
શાને વ્યર્થ શોક કરે - રજા.

ચંચળ— ૨૫

હાય હાય હાય મુઇ માબાપરે
મોતીશા—હાથે કીધાં વાગ્યા હઇડે આપો આપરે.
ચંચળ--ઓ માડીરે
મોતીશા--બાપુ છાંનીરે તને દુઃખ થાય ?
ચંચળ--હાય હાય
મોતીશા—અરરરરરર તને દેખી ચાંપે કલેજામાં કાપરે--હાય.
નાચો નાચો બંદરજી નાચો
રૂમક ઝુમ છુમક રૂમક ઝુમ છુમક રૂમક
મારૂં તીરકીટધા તીરકીટધા તીરકીટ થાપરે—હા.

પુરૂષ— ૨૬

કરવાને સફળ અવતાર,
સ્ત્રીઓ—ધરવા ગત પતિનો પ્યાર,
પુરૂષ—ઠરવા સુખ સ્વરગ મોઝાર,
સ્ત્રીઓ—સતી જાય તજી સંસાર,
છોકરા—પુર આશ એ કિરતાર,
મોહ માયા સર્વે વિદ્દાર,
પતિ પદ ચિત્ત તું ધાર.
સર્વે—કર સતિનો જય; કરવા.

અંક ૨ જો.

૨૭

રૂપસુંદરી—દીનાનાથ દયાળ દીલેલે દાદ કંઇ દીનની,
દયાર્દ્ર દશા પીયુ વિરહે થઇ હાં જળવિણ જેમ મીનની
સતીયા સત જાળવજે સતીનું ભયહરતું,
સંકટ તું સંહાર સદા મમ પ્યારા પ્રિયકરતું.

૨૮

કરણ—પ્યારી લલનાની લાત, ખર્યાં ફૂલ ખરે ખાત, મીઠી માને પ્રેમ પાત્ર
રૂપસુંદરી—જા કુજાત.
કરણ—પણ કર એક સ્નેહ ભરી વાત; પ્યારી
રૂપસુંદરી—જાત ભાત જોઇ વાત કર પાપી પ્રેમ અંધ,
કરણ—જાત ભાત સાથ પ્રેમ અંધને નથી સંબંધ;
રૂપસુંદરી—મતિમંદ ! કાગડો શું લેશે કમળ સુગંધ, લલનાની.

૨૯

કરણ—માનુની ! માણ જોબન ઝમક જવાની,
સમજ સમજ ઓ ગુમાની માણ.
તારૂણી તાલાવેલી લાગી તારી તન,
માનીજા માની છાનીમાની,
રૂપસુંદરી—ચુપ ચુપ ઝમક, માનુની.

૩૦

માધવ—દુઃખના દરિઆભણી હાય વ્હાણ ચાલ્યું માધવા !
મંદ ભાવી વા ઝપાટામાં ફસાવ્યું માધવા !
સતી સુખાણીએ કહ્યું પણ હઠ કરી હિમત ભરી,
તોફાન જાણ્યું ના કંઇ હાથે ઝુકાવ્યું માધવા !
તારવું ડુબાડવું હરિ હાથ માંહે હવે રહ્યું,
થઇ ગયું શીદને રડે તું જે થાવું માધવા દુઃખ.

બ્રાહ્મણ— ૩૧

બસ બસ બીજ વણસાડું અવની તલથી વાધેલ રાજનું
ઉતારૂં માત ભૂમીનો ભાર વરતે હાહાકાર—બસ.
તલ તલ સમ છુંદો કરી અંતર
ભડ ભડતે મુજ શાંન્તિ કરવા આપું આહુતી
એ કુટુંબની એકજ આશ એ પૂર અવીનાશ!—બસ.

બ્રાહ્મણના છોકરા— ૩૨

સમજ સતકર્મ કરી લે ભાઇ, કાય આ—
કાલ જશે કરમાઇ;
રામ ગયા રાવણો ગયો ને ગયા કૃષ્ણ ને કંશ;
બળવીર પણ બળહીણ બન્યા જ્યાં કઠણ કાળનો ડંશ
સમજ.

સ્વાર્થ તણો સંસાર મૂઢ શું માયામાં રહે મોહી,
કાળ ઝપાટ ઝપટશે ત્યારે, રહીશ રાંકડા રોઇ; **સમજ.**
માત તાતને ભ્રાત ભગિની, કોઇ નવ સાથે જાય,
પાપ પુન્યએ પ્રભુ દરબારે, ત્રાજવ મહીં તોળાય; **સમજ.**

બ્રાહ્મણ— ૩૩

ચાલો જલ્દી ચાલો જલ્દી વાર ના કરો તમે,
થાય છે અસુર પછી સૂર્ય દેવ આથમે; **ચાલો**
ડોશી—પોટકી આ મારી મારા પ્રાણની સમાન છે,
સાથે રાખું સાચવીને, જીવની કમાન છે; **ચાલો.**
દક્ષણી—કાય ધાંધલ લાવલી ઇથે તુહ્મી રાહુ નકા,
ચલા ચલા નકો વેળ કરૂં જાતો મી નીગું અતા; **ચાલો.**
મારવાડી—ગોમાજીઓ ચાલો પરે કંઠે અબે મુકામ હએ
નાહી ડરૂં શાહમેં માંકે ચાલવારી હામ હએ; **ચાલો.**
પરદેશી—જાનકી તું દેર કાહે કરત કા બિચાર હએ?
જાનકી—હાંજી હાં મંએ ચલતી હું
બડા કોઇ ગંવાર હએ. **ચાલો.**

માધવ— ૩૪

તારે શરણે સતી! આદાસરે,
દિલધર દુઃખોને દળવા, તારે.
કામી કરણુના કેરનું વેરહા,
વળવા છે અભિલાષરે; દીલધર.

આકાશવાણી— ૩૫

માધવ તું દિલ્લીજા, કામ સફળ સર્વે તારૂં થાશે,
યવન રાજને મળતાં, સ્ત્રી મળશે દુઃખ સઘળાં તુજ જાશે.

બીજરખા— ૩૬

ભાગે કાહે ગલીયાં દોખાએ છલ બલીયાં
ઓ સુંદર મૃગ ચંચલીઆં;
જીયરા જાય ન છોડું તોરી છલીયાં,
સનનન બનમેં તું ભરે ચોકડીયાં;
ઘબરા નહીં ન ભર તલમલીયાં. ભાગે.

બીજરખાં— ૩૭

નેકીકે ચાંદપર ગહન અયે યારે મન નહીં કહીં; નેકી.
નેક નેહાલ હુએં ઉન્હેં રંજો મહન નહીં કહીં; નેકી.
દુન્યામે જીસકી જાતસે ફએજ ન પહોંચે ગ઼એરકો,
યારો વોહ શુમકો મીલે ગોરો કફ્ન નહીં,—નેકી.
અપના તું ચાહે ગરભલા ગએરોંકા પહેલે કર ભલા,
નેકીકે બાગમેં દીલા (જાગો) જગન નહી કહીં;--નેકી.

માધવ— ૩૮

જય જય જગદંબે વા; વા; વા;
અચાનક આજ, મળ્યા યુવરાજ, સફળ સઉકાજ,
થશે વાહ, વાહ, જય૦

બીજરખાં—અહેસાન રખ્ખા હુએ આપને ભારી.
માધવ—ફરજ બજાવી છે મિત્ર મેં મારી,
બીજરખાં—વાલીદસે કરદું મુલાકાત તુમ્હારી;
બાદીશા—કુચની ચાલો કરો તઇઆરી જય૦

૩૯

સર્વે—પાઇ સજા આઇ કજા ચખ્મા ચોરી સીનાજોરા કામજા
ચમેલી—હાય મેરી જરો જેવર લુટા
૪ ઠગ—ઝાડુ મીલી તેરા દળદર છુટા
૧-ઠગ—સીડી હુવે કાંધેપે
૩-ઠગ—હાતમે જુતા
૨—કુફલભી પાયાતો લુટા કુટા
સર્વે—દઓલત લુટી સારી હીકમત મીટી ભારી આફત ઉડી
ન્યારી આઇ કજા—પાઇ.

શામીશાગર—

૪૦

સખી મનાવો રંગરલીયાં રંગરલીયાં;
સખી.
ફજલે ખુદાસે શહેરકી અત સે
હુએશાદમાની, બ ગાંમે જાની ખીલી કલીયાં રંગરલીયાં,
સખી.
ફૂસલે બહારી, છાઈ હુએ સારી,
ખેલે સહેલીયાં, સંગમે ચલીયાં નાજોં પલીયાં
રંગરલીયાં, સખી.

અલેફખાં -

૪૧

છાયે છાયેરે કરમ છાયે છાયે
સુન્દર શુભ દીન સુબ્હ ન દીદાર યું દીખાયેરે કરમ.
સોહે તોપે દયા છત્ર શહા રંગ દાનો
હીન્દ રાજ તુજહીકો સોહાયે જાયેરે કરમ.

શામીશાગર—

૪૨

કાંકરયાજી, ન મારો લંગર.
અંગવા લગ જાયરે લંગર
સુન પાવે મોરી સાસ નનદીયા
દઓર દઓર ગલે લાગે લંગર

૪૩

આધવ—છે અજબ પ્રાંત ગુજરાત વાત શાહ શી રીતે વરણાય,
શી રીતે વરણાય શાહ મુખથી તે નવ કહેવાય;—છે.
નદી ઝરણુ સુંદર વૃક્ષોથી વનની છે શોભાય,
અઢળક ધન ભંડાર ભર્યા જ્યાં કુબેર હારી જાય,
સુવર્ણથી ભરપૂર પ્હાડ જ્યાં અતિ વિશ્વે વખણાય,
જમીન રસકસથી બસ પૂરી જોતાં મન લોભાય,—છે.

૪૪

રામીશગર—જાઓ જાઓ ન સતાઓ સાંવરીઆ,
મોરા નાજુક તન ગુલજાર,
વાપે કીની ફુલ સીંગાર,
કાહે નજર લગાઓ સાંવરીઆ, જાઓ
મોરા જોબન ઝુમકેદાર,
ખીલો જયસો કે ગુલનાર,
હટો કાહે શરમાઓ સાંવરીઆ, જાઓ

૪૫

દીલજાન—ન માનું ન માનું મીયાંકી બતીયાં અબ તો ન માનુંરે
બતીયાં ન માનુંરે મએં બતીયાં ન માનુંરે: નમાનું.
છોડ ગયે મુંઝે યાંહાં કએસી કટે રતીયાં
ઝૂટ સબી જાનુંરે; નમાનું.
ગોરી ગોરી દુજી રંડીયાં તાકે ઘરઘર ઝાંકેરે
મએં રહું અકેલી યાંહાં મોસે કરે છલીયાં
મએં જાનું પએછાનુરે; નમાનું.

૪૬

દીલજાન—જાને નદું મયે ગુલો જાર.
કડુ—તુરે નજર હયે તુ પ્યારી.
દીલજાન—મેરા ન ભાઇ દીલજાન જયાદા.
કડુ—તુજકો બહનસે મયેં ચાહું જયાદા
દીલજાન—આવો લગાઊં કલેજે જાઊં વારી
કડુ—તુરે નજર હયે તુ પ્યારી

દીલજાન—જાનતી હું મીયાં જાનતી હું રહેને દો. તુરે નજર.
ઝુલેમે તુમકો મયેં પ્યારે ઝુલાઊં.
કકુ—તુમકો મંયે આંખોંમે પ્યારી છુપાઊં
દીલજાન—સુરત હય ભોલી ભોલી પ્યારે તુમ્હારી
કકુ—તુરે નજર હયે તુ પ્યારી જાને.

અલેફખાં— ૪૭

ઝુટી તઆરીફ હુએ કબ કીસને પરસતાં દેખા;
હમને ગુજરાતમેં કુલ અએશકા સામાં દેખા ;
હુસનો ખુબી મેં નજાકત મેં કદો કામતમેં
બખુ[illegible] પરી જાદા હર ઇનસાં દેખા ;

(કીત્અ)

સફહા સોનેકા દવાત ઓર કલમ સોનેકા,
ખુબી ગુજરાતકી લીખ્ખું જો હો યમ સોનેકા ;
રંગતે કુટકે ભરદી હુએં જહાંકી સારી,
દસતે કુદરતને બનાયા હુએ ઇરિમ સોનેકા.
કોહો બન બાગો ચમન માલો ખજાના રઓશન,
અએસા દીલશાદ ઇન આંખોંને ગુલીસતાં દેખા ;

દોળા— ૪૮

આવો મુજ લાલ લટકાળા પાઓ પીઓ પ્રેમના પ્યાલા ;
છોડાવો છેલ છોગાળા, ધીખવતું તન મદન જવાળા ;
રમો રજની રસિક રંગે, અખંડન રંગ જોબનનો ;
ખીલી કળીશું ? ભ્રમર ભટકો, લઇ લ્હાવો લીઓ મનનો ;
ખીલ્યું જેમ ફૂલ કરમાશે, જોબનીયું આ ઉડી જાશે
ગફલતી મૂઢ પસ્તાશે, સમજુ સંસાર સફળ થાશે ;
આવો.

રાણીઓ— ૪૯

ધુમો રાજા ધુમો રણે શત્રુઓ સંગાથ,
બાહુ બતાવો કિર્તિ ગજાવો,
ગુર્જર માત કરો પ્રખ્યાત વાઘેલ રાજ ; ધુમો.

શત્રુ સંહારી કુળને તારી જયમાળ ધારી આવો,
સુજશ જામો વિઘ્ન વિરામો,
શકિત સર્વ સ્હાય હો આપની સાથ; ધુમો

૫૦

કનક દેવળ—આફતશી આવી છે ભારી
બની માકાં તું દુઃખીયારી;
દેવળ—ચિન્તાતુર ચ્હેરો દીસે સ્મીત હાસ્ય ફીકાં કાં દુર
કનક—નયણે નીર ભર્યા ઉડી કયાં ગયું મુખડાનું નુર
કનક-દેવળ—શૂર વીર પયની પાનારી બની
દેવળ—અંતરની અકળામણુમાં છું ઓળખવા ઐ
કનક—ભાર હૃદયનો વ્હેંચી મને દે ચિન્તાને કર ચુરે
કનક-દેવળ—કુળ રણધીરની કુમારી બની

૫૧

દેવળ-કનક—નાના માડી તું આમ વિસરમાં
કોળા—છાની બાપુડી છાની બાપુડી,
છાની બાપુડી નકામાં નેણુ ભરમાં ના૦
દેવળ—તું વિણુ લાડ લડાવશે કોણુ ?
કનક—હૈયામાં દાબી હસાવશે કોણુ ?
દેવળ—બાપુડા કહી બોલાવશે કોણુ ?
કનક—આંસુ અમારાં રોકાવશે કોણુ ?
કોળા—ઘેલી છો ઘેલી તું કાલ સવારે હું આવીશ પાછી,
રડના બાપુ કરના દુઃખ ધરના,
ચિત ચિંતા ચતુરી કરમાં ના૦

અંક ૩ જો.

૫૨

તાજી તાજી સ્વાદે સારી રંગે રૂપાળી પીઓ તાડી,
ફુલ ફટાક હલવા જલેબી ખાઇ મોજ ઉડો દાડી દાડી;

થાઓ નીશામાં ચકચૂર,
દીઓ દુઃખડાં ફેંકી દૂર
તરો ખુશી ખુશ લા પૂર,
ગડીઉં આ પડીઉં કરો ખાલી;

૫૩

કરણુ—જે બુદ્ધી પછીથી થાયે ભેદ પેહેલાં સમજાય
શોકના છવાય હ્રદયે દુઃખ થાય કોઇને
ભાવી ભેદ જાણી કરી શીખ નાહી દીલ ધરી
ચીત્તની [illegible] ફેરી તો બેશી રહેવું રેઇને
આજ

૫૪

પથ્ય—નજરીયાં ડાર ગયો
બાંકોઇ છેલા હોય સાંવરો; નજરીયાં
અદિતરામ અતિ લગન લગી હુએ મેન બાનસો માર ગયો,
નજરીયાં

૫૫

પીયાસે સંદેસો મોરો કહીયો જાય,
જારે કાગા જારે જા

૫૬

દેવળ—રેરે ચંદ્ર કુમુદની નથી દયા, કાંઇ તને હૃદય શે!
રેરે મેઘ મલીન કાં નહી થકો! તુજ દર્શને જે ખોવે
જાણે નહિ તું પ્રેમ શું કદર છે કે નહિ તને પ્રીતની
છે દિલભર શું દિલ પડે સમજના એ કુદરતી રાતની.

૫૭

દેવળ—જાણી મેં છાની છે છબીલાની છળ નકામી
શંકર—વાહલા,
વાહલા ઠગારી મીઠડી મારી ચાતુરી તારી જાણી
દેવ—વાહલા

શંકળ—હારી કહો કહો આવી હું વાજ
દેવળ—નાનાજી નાના છુપી રેજો રાજ
શંકળ—આલી લે માની ન શકવાની ખોળી ગુમાની જાણી.
દેવળ—વાહવા.

૫૮

શંકળ—વાહરે છબીલી મારી કંઇ ઘેલીરે ઘેલી
દેવળ—પ્યારા પિયુના પ્રેમપરે ઘેલી છું પેલી
શંકળ—રસ પ્રેમ પ્રવાહ મહીં રંગમાં રેલી,
દેવળ—સ્વામી સુભાગી કીધી સહુ વિપત ઠેલી;
શંકળ—તું છો મુજ તન મન ધન પ્યારી પ્રે... ચરે
દેવળ—ક્ષણ નવ દુર કરૂં મીઠી મુરતી કદા;
શંકળ—ચંદ્રે ખીલાવી કુમુદ,
દેવળ—મનમાં ન માયે મુદ,
જાણ્યા ધુતારાના ઢંગ
શંકળ—પ્રીતીનો આશો પ્રસંગ
વાહ!
દેવળ—અરે વાહ! વાહરે

૫૯

હીરીયાં—હીરીયાં મેરા નામ મએં હું તંબોલન તડાકેકી,
લાવો કતરની કતરૂં નાગર પાન,
કુથ્થે ચુનેકી દોસ્તી મેં હુઇ બદનામ
અજી ખાનેવાલે આઓ, બીડા લેતે મેરા જાઓ,
લાલ મુહ તો બનાઓ, મીયાં આઓ આઓ આઓ, હીરીયાં.
દિલ્લીકા કથ્થા અઓર પુનેકે પાન,
અએસે બીડે ખીલાદું ભુલાદું ગુમાન,
અજી ખાનેવાલે આઓ બીડા લેતે મેરા જાઓ,
લાલ મુહકો બનાઓ મીયાં આઓ આઓ, આઓ, હીરીયાં

૬૦

રામીશગર—મારી પીચકારી મારી શરરરરરરર દીસે અસલ ગંવાર
હે કાના તોહે લાજ ન આવત,
ડોલત ઘરઘર નાર,

સખી મદસો ધરસો નીકસો,
આયોરે હોલીકે ખેલનવા,

૬૧

કાશીદ—છુટા તીર રાજાજી હાથ ન આવે
હરા ભરા ગુલશન તોતા દેખકે લુભાવે
કરો સઓ જતન તોભી ફીસીરોજ જાવે,
ભોલી ભાલી સુરત પ્યારી ભુલમે ભુલાવે,
નારી રાજા સુખકી સાથી જગમે કહાવે,

૬૨

રજપૂત લશ્કર—આજ વાળો વેર દુશ્મન ઝેરથી સંહારી નાખો
સહુ ઠેર કાપો દુશ્મન દળનો સમુહ આખો
જેર બસ જેર થઇને પડશે શત્રુ પ્રતાપ ઝાંખો
લ્હેર બસ લ્હેર શ્રી ગુર્જરપતિની જય જય ભાખો—આ

૬૩

ધવ—વગર વિચારે કર્મ જે કરાય,
કેમ ફળ તેનાં તે સુખદ થાય?
આગને ગણીને રતન,
બાઝે તેમ બળી જાય.
વિષ પીને કરાય કેમ અમર કાય? વગર.

૬૪

દેવળદેવી—સુખોની આશ ગઇ ઉડી ટકાવી દેહ કાં રાખું!
બન્યા છે બાપુ જ્યાં વેરી હૃદયનું દુઃખ કયાં દાખું?
લીધો કાં જન્મ સ્ત્રી જાતે પરાધીન એ પરમ દુઃખી,
અસદ્ગતિએ જઇશ શું તુજ શંકળ પ્રેમની ભુખી?
ન કીધી પ્રેમની વાતો હૃદય શું ચાંપી ચુમાઇ,
ફુલી ફાલી લીલી વાડી જશે શું આમ કરમાઇ?

૬૫

છગન—સુખીયાને સો–સલામ રડતાને રામ રામ,
શેઠ તો પેટઆ ભરવાના નહિ કે નોકરી કરવાના,
પરમોતે ના મરવાના પર પીડની પરવાના,

અંઠાઇને કાં ગાંડા બનીયે, ગાંઠીથી ગયાં છે જેનાં દામ
દામ દામ—સુખીયાને.
જીવતાના જાનૈયા અમે તો મુવા તણુકાંધીયા,
કોથલી કણણુ કણણુ થાય,
છગનભાઈની છાતી છલકાય,
દીલ ત્યાં દોડી દોડી જાય
સલામ સલામભાઈ સલામ સુખીને,
રડતાને છેલ્લા છેલ્લા રામ નામ. સુખીયાને.

અલેકુખાં— ૬૬

કહાં સુલએમાં કહાં સીકંદર કહાં હય જમ [illegible] કહાં હયે
યે સબકે સબ ખાક કેથે પુતલે બાગાર ગાલે બનાબનાકર,
જાગના હો જાગલે અફલાકકે સાયે તલે,
કબતક સોતા રહેગા ખાકકે સાયેતલે,
ખાકકા પુતલા બના ઓર ખાકકી તસ્વીર હુએ
ખાકમે મીલ જાયગા ફીર ખાક દામનગીર હુએ,
મુસાફીરાને રહે અદમકો યે કએસી નીંદ આગઇ ખલાહોં,
કે જબસે સોએ ન ફીરકે ચોંક થકે હમ ઉનકો જગા જગાકર.

૬૭

ગઝલ—શુકે ખુદાએ જમાં જમાં સલતનતે ફૂનો મકાં,
શાદ હરએક હયે પીરો જવાં સુલતાન હયે શાદમાં,
એક તો દેવળદેવીકા પાયા નીશાં,
દુજે ગુજરાતકી ફતહકી શાદીયાં,
તીજે દલતાનપર ખુદા હયે મહેરબાં,
હયે આબાદાનીકા નીશાં,
ચાંદ શીતારોકા રોશનીયાં હયે દીલશાદ બેગુમાં,
ગુલગુલ બુનબુન ફુલે ફુલે છાઇ અગોંમે,
આબાદયાં શુકે.

સમાપ્ત.